# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૨
અંક : ૮

૨૦૧૮ : ઓગષ્ટ
આજીવન : રૂ. ૧૦૦૦/–



**: તંત્રી :**

**શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ**

"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,
મહુધા–૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮–૨૫૭૨૦૪૪



**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પેટ્રન સભ્ય રૂા. ૧૦૫૦/-

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે લઘુ ધંધાકીય ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન) | અમદાવાદ |
| ૨. | શ્રી કમળાબેન જમયતરામ પંડ્યા તથા શ્રી જમયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ | અમદાવાદ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી કાર્તિક જયેશભાઈ ત્રિવેદી | કરમસદ | ૪૫૭૯ |
| ૨. | શ્રી વિભાબેન દવે | ઈન્દોર, એમ.પી. | ૪૫૮૦ |
| ૩. | શ્રી પંકજભાઈ ચંપકલાલ ત્રિવેદી | સલુણ | ૪૫૮૧ |
| ૪. | શ્રી આદિત્ય હિમાંશુભાઈ ભટ્ટ | ઉમરેઠ | ૪૫૮૨ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. ભાનુમતીબેન ઠાકરની સ્મૃતિમાં હસ્તે ચંદ્રશંકરભાઈ ઠાકર | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૨. | સ્વ. ઈન્દીરાબેન કૃષ્ણરામ ભટ્ટની સ્મૃતિમાં હસ્તે જ્યોતિન્દ્રકુમાર કૃષ્ણરામ ભટ્ટ તથા પરિવાર | આણંદ | રૂ. ૨૦૦૧/- |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## "ટીપે ટીપે સરોવર ભરાય"

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી મનુભાઈ મંગુભાઈ જોષી | ગાંધીનગર | રૂ. ૫૦૦/- |

## અવસાન નોંધ

- તારાબેન નટવરલાલ મહેતા (સોજીત્રા)ની દિકરી અલકા (ટીકુ) ધર્મેન્દ્રભાઈ શેલત તા. ૨૬-૦૭-૨૦૧૮ના રોજ ધામમાં ગયેલ છે. તેમની સ્મૃતિમાં પત્રિકાને રૂ. ૩૦૦/- સ્મૃતિભેટ મળેલ છે.
- પ્રભાવતીબેન રવીન્દ્રભાઈ ત્રિવેદી - ભરૂચ મુકામે તારીખ ૦૮-૦૮-૨૦૧૮ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ દિવ્યઆત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના.

## શુભેચ્છા ભેટ

- શ્રી સુલોચનાબેન મંગળદાસ દવેની ચતુર્થ પુણ્યતિથી નીમિત્તે શ્રી લતાબેન ભૂપેન્દ્રકુમાર પંડ્યા તરફથી રૂ. ૧૦૧/- ભેટ મળેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



### ગં.સ્વ. ભાનુમતીબેન ચંદ્રશંકર ઠાકર

જન્મ તા. ૨૯–૧૧–૧૯૩૫ અવસાન તા. ૧૬–૦૭–૨૦૧૭

સ્વ. ભાનુમતી ચંદ્રશંકર ઠાકરની સ્મૃતિ રૂપે તેઓના કુટુંબીજનો તરફથી ભેટ

શ્રદ્ધાજલી સહ વંદન

**ચંદ્રશંકર જયશંકર ઠાકર**

**મયંક ચંદ્રશંકર ઠાકર** **કાશ્મીરા નિતેષકુમાર શુકલ**

**હેમંત ચંદ્રશંકર ઠાકર** **કરણ હેમંતકુમાર ઠાકર**

**વિજય ચંદ્રશંકર ઠાકર**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૨૦૦૧/–ના દાતા



### સ્વ. ઇંદીરાબેન (કીકીબેન) કૃષ્ણરામ ભટ્ટ

મારા માતૃશ્રીનો જન્મ બાજખેડાવાળ વાડી આણંદની જમીનના દાતા સ્વ. કૃષ્ણરામ ઈશ્વરજી દવેને ત્યાં પંડ્યા ફળી, આણંદ મુકામે તા. ૨૦–૧૧–૧૯૨૧ના રોજ થયેલ હતો. તેમણે ધોરણ–૭ વર્નાક્યુલર ફાઈનલ સુધી અભ્યાસ કરેલ હતો.

તેમનું લગ્ન ઉમરેઠના સ્વ. કીરપાશંકર બહેચરભાઈ ભટ્ટના સુપુત્ર કૃષ્ણરામ (કીકુભાઈ) સાથે થયેલ. પિતાશ્રી રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં હતા અને આણંદ મુકામે ટેનન્સી મામલતદાર તરીકે મુકાયેલ, પરંતુ ૪૮ વર્ષની નાની ઉંમરે હાર્ટએટેક થવાથી સ્વર્ગવાસી થયેલ. પિતાશ્રીના અણધાર્યા નિધનથી માતૃશ્રીને કારમો આઘાત લાગેલ, પરંતુ આ આઘાતનો તેમણે દૃઢતા, મનોબળ અને હિંમતથી સામનો કરીને પોતાના પાંચ પુત્રો શ્રી અનિલભાઈ, જ્યોતીન્દ્રભાઈ, દિનેશભાઈ, રશ્મિકાંત, ઉપેન્દ્રભાઈ અને બે પુત્રીઓ પ્રેમીલાબેન અને જયશ્રીબેનને સારું શિક્ષણ આપ્યું અને ઉચ્ચ સંસ્કારોનું સિંચન કર્યું.

પૂજ્ય માતૃશ્રી ઇંદીરાબેને પોતાના શરૂઆતના લગ્નજીવનથી લઈને પોતાના અંતિમ સમય સુધી સાસરા પક્ષ તથા પિયર પક્ષના સર્વે કુટુંબીજનોના કાર્યમાં પ્રેમ સાથે સહકાર આપી ચાહના મેળવેલ હતી. તેઓ કર્તવ્યપરાયણ અને ધર્મનિષ્ઠ વ્યક્તિ હતા અને ખૂબ જ સરળ, સાદગીભર્યું જીવન જીવી તા. ૭–૯–૧૯૯૧ના રોજ સ્વર્ગવાસી થયા હતા.

પરમ પૂજ્ય સ્વ. માતૃશ્રી ઇંદીરાબેનની સ્મૃતિમાં ભેટ

**જ્યોતિન્દ્રકુમાર કૃ. ભટ્ટ – આણંદ**
**તથા સર્વે કુટુંબીજનો**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી-પીપળાવના ઉદ્‌ઘાટકશ્રી



**શ્રી ચન્દ્રગુપ્ત કિરપાશંકર ભટ્ટ**

**જન્મ તા. - ૨૩-૦૬-૧૯૨૭** **જન્મ સ્થળ - અમદાવાદ**

**વતન - ઉમરેઠ**

શૈક્ષણિક - પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ઉમરેઠમાં લીધું અમદાવાદની એચ.એલ. કોમર્સ કોલેજમાં અભ્યાસ કરી B.Com. ની પરીક્ષા પાસ કરી B.Com. પછી M.Com. અને L.L.B. નો અભ્યાસ કર્યો તે દરમ્યાન ઉમરેઠ એચ.એમ. દવે સ્કુલમાં શિક્ષક તરીકે સેવા આપી. ૧૯૫૫માં M.Com. ની ડીગ્રી મળતા B.J.V.M. College માં અધ્યાપક તરીકે સેવા આપી. ૧૯૬૦ થી ૧૯૬૪ સુધી પોરબંદરમાં પ્રોફેસર તરીકે સેવા આપી. ૧૯૬૪થી ૧૯૮૭ સુધી મોરબી અને સાવલીમાં પ્રિન્સીપાલ તરીકે સેવા આપી. ૧૯૮૭માં નિવૃત્ત થયા. દરમ્યાન સફળ કેળવણીકાર તરીકે સૌરાષ્ટ્ર યુનિ. ગુજરાતી યુનિ. અને સરદાર વલ્લભભાઈ યુનિ.માં સિન્ડીકેટના સભ્ય તરીકે સક્રિય રીતે ઉચ્ચતર કેળવણીના વિકાસમાં ફાળો આપ્યો.

બાજખેડાવાળ જ્ઞાતિ સમાજની સંસ્થાઓ (૧) અખિલ હિંદ બાજખેડાવાળ પરિષદ (૨) મુંબઈ બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી (૩) વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીની કારોબારીમાં ૧૫ થી ૨૦ વર્ષ સભ્યપદે રહી ત્રણે સંસ્થાના વિકાસમાં અને સફળતામાં ફાળો આપ્યો.

૧૯૮૯ થી ૧૯૯૯ સુધી મુરબ્બી શ્રી ચીમનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત જનતા દળના મહામંત્રી પદે રહી રાજકીય પ્રવૃતિમાં સકારાત્મક અને વિવિધ ક્ષેત્રના સુધારા માટે નોંધપાત્ર સેવા આપી.

૧૯૯૯ થી અત્યાર સુધી બે દિકરા અને એક દીકરી યુ.એસ.એ. હોવાથી અને વારંવર યુ.એસ.એ. જવાને કારણે સક્રિય રાજકારણમાંથી નિવૃતિ લીધી આજે પણ સમાજ સેવાની પ્રવૃતિ, જ્ઞાતિ સમાજની પ્રવૃતિ અને શૈક્ષણિક ક્ષેત્રની બૌદ્ધિક પ્રવૃતિમાં સમય ફાળવવાનું ચાલુ છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના ઉદ્‌ઘાટકશ્રી



**ડો. વનલતાબેન ચન્દ્રગુપ્ત ભટ્ટ**

***જન્મ તા. ૦૨–૦૫–૧૯૩૨*** ***વતન – ઉમરેઠ***

*શૈક્ષણિક – પ્રાથમિક–માધ્યમિક કેળવણી ઉમરેઠમાં લીધી. ત્યારબાદ ઉમરેઠ કેળવણી મંડળની એચ. એમ. દવે હાઈસ્કૂલમાં ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી સેવા આપી. ૧૯૫૮ થી ૧૯૬૪ સુધી આણંદ શારદા હાઈસ્કૂલમાં સેવા આપી. ૧૯૬૪ થી ૧૯૭૧ મોરબીમાં સેવા આપી. દરમ્યાન બી.એ., એમ.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૭૦ થી ૧૯૯૨ સુધી અધ્યાપક તરીકે* N. S. Patel Arts College *માં સેવા આપી. દરમ્યાન* Ph.D. *ની ડીગ્રી મેળવી. ૧૯૯૨માં નિવૃત્ત થયા.*

*ગુજરાત રાજ્ય સોશ્યલ વેલફેર બોર્ડના સભ્ય તરીકે સેવા આપી. સરદાર પટેલ યુનિ.ની સેનેટમાં સભ્યપદે રહી સેવા આપી. અખિલ હિંદ મહિલા પરિષદના ગુજરાત શાખાના ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ગુજરાત રાજ્ય બાલકલ્યાણ સંઘની વિદ્યાનગર શાખામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી. ભગિની સેવા સમાજના પ્રમુખ તરીકે આણંદમાં બાજખેડાવાળ મહિલ મંડળની સ્થાપના કરી. મહિલા મંડળને પ્રવૃત્તિશીલ કરી કાર્યરત કર્યું. આજે પણ મહિલા મંડળ ઉત્તમ રીતે પ્રવૃત્તિ કરી રહ્યું છે.*

*બે દિકરા અને એક દિકરી યુ.એસ.એ.માં રહેતા હોવાથી ૨૦૦૧ થી અત્યાર સુધીમાં બારથી તેર વખત પ્રવાસ કર્યો અને અમેરિકા દેશના વિવિધ રાજ્યોમાં રહેવાનો અનુભવ મળ્યો. બે બેનો લંડન રહેતી હોવાથી લંડનનો પણ ૩ વખત પ્રવાસ કર્યો.*

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના
# અતિથિ વિશેષશ્રી



## શ્રી જયંતભાઈ ઉમીયાશંકર ઠાકર

શ્રી જયંતભાઈ ઉમીયાશંકર ઠાકરનો જન્મ તા. ૭મી જાન્યુઆરી ૧૯૪૩ના રોજ આણંદ મુકામે થયો હતો. તેમના પિતાશ્રી પાયોનીયર સ્કૂલમાં શિક્ષક તેમજ ગાયત્રી ઉપાસક. માતા હરગંગાબેન ખૂબ જ સરળ સાલાશ અને સૌમ્ય, શાંત, ધૈર્યવાન વ્યક્તિત્વ ધરાવનાર સદાય પતિ અને બાળકોની સેવામાં રત રહેનાર સન્નારી. માતા–પિતાના સદ્‌ગુણોનો વારસો લઈ અનેક મુશ્કેલીઓ સાથે એમ.એસ.સી. સુધીનો અભ્યાસ વિદ્યાનગર કર્યો. ધ્યેયનિષ્ઠા, ધગશ અને કર્તવ્ય પરાયણતાને કારણે આ જ કોલેજમાં ડીગ્રી મળતાં જ નોકરી મળી ગઈ. બે વર્ષ અત્રે સર્વિસ કરી પછી સૂરતની પી.ટી. સાયન્સ કોલેજમાં લેક્ચરર તરીકે પસંદગી પામતાં નોકરી સ્વીકારી અને સૂરતને ઈ.સ. ૧૯૬૯ થી ૨૦૦૫ સુધી – રીટાયર્ડ થતાં સુધી કર્મભૂમિ બનાવી. ત્યાં કુટુંબની જવાબદારી અને નોકરી સાથે પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. કામ કરવાની કુનેહ, શાંત પ્રકૃતિ તેમજ ધ્યેયને વળગી રહેવાની મનોવૃતિને કારણે તેઓએ ઉત્તરોત્તર પ્રગતિ કરી. યુનિ. ના બોર્ડ ઓફ ચેરમેન, સાયન્સ ફેકલ્ટીના મેમ્બર તેમજ યુનિ.ની ઈન્ટરવ્યુ કમીટીના એક્સપર્ટ તરીકે કામગીરી બજાવી. તેઓએ તેમના વિષય–બોટનીના પ્રોફેસર ઈન્ચાર્જ ઓફ પી.જી. સેન્ટર, બોટની ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ પદે તેમજ નિવૃતિ પહેલાં પી.ટી. સાન્યસ કોલેજના ઉપાચાર્ય અને ઈન્ચાર્જ પ્રીન્સીપાલ તરીકેની સેવા આપી. છેલ્લા બારેક વર્ષથી હવે તેઓ તેમના વિદ્યાનગરના નિવાસ સ્થાને નિવૃતિમય જીવન શાંતિથી પસાર કરી રહ્યા છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના
# અતિથિ વિશેષશ્રી



## શ્રી નીરવ મહેન્દ્રભાઈ દવે

આપણી જ્ઞાતિના યુવાન, ખંતીલા અને નિરાભિમાની યુવા કાર્યકર શ્રી નિરવભાઈનો જન્મ તા. ૨૭–૦૭–૭૭ના રોજ અમદાવાદ મુકામે થયેલ. તેઓ ઉમરેઠના વતની છે. શાળાનું શિક્ષણ ગાંધીનગરથી મેળવી સેન્ટ ઝેવિયર્સ કોલેજ અમદાવાદ ખાતે એમ.એસ.સી.સુધી અભ્યાસ કરેલ. તેઓ શાળા તથા કોલેજના શિક્ષણ દરમિયાન ટ્રેકીંગ તથા ક્રિકેટનો શોખ ધરાવતા હતા.

અભ્યાસ પૂરો કર્યા બાદ નોકરી ન કરવી અને કોઈ ધંધો જ કરવો તેવા સંકલ્પ સાથે ગાંધીનગરમાં કોમ્પ્યુટરના કલાસથી શરૂઆત કરેલ. સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ પી.ટી.સી. કોલેજની શરૂઆત કરેલ. સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ પી.ટી.સી. કોલેજની સ્થાપનાથી ટ્રસ્ટી તરીકે સેવા આપેલ છે. ૨૦૦૬માં શિક્ષણ ક્ષેત્રે કરેલ પ્રદાન બદલ UNO અને IAEWP તરફથી "નેશનલ એવોર્ડ ફોરએક્સેલન્સ ઈન એજ્યુકેશન ડેવલોપમેન્ટ"નો એવોર્ડ એનાયત થયેલ. તેઓએ સમય જતાં શિક્ષણ સાથે ટ્રેડિંગનો વ્યવસાય શરૂ કર્યો. નીરવભાઈ ગાંધીનગર ખાતે "ૐ કોમ્પ્યુનિકેશન" નામના મોબાઈલના શો રૂમની માલિકી ધરાવે છે તેનું સંચાલન તેમના પત્ની મીરાબેન કરે છે. નિરવભાઈ ગાંધીનગર ખાતે "ૐ એન્ટરપ્રાઈઝ" નામની કંપનીની માલિકી ધરાવે છે આ કંપની પાસે એરટેલ કંપનીની ગાંધીનગરની ડીસ્ટ્રીબ્યુટરશીપ છે. તેઓનો પુત્ર યજત માઉન્ટ કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કરે છે.

નિરવભાઈનું કુટુંબ જ્ઞાતિની સેવાને વરેલ છે. તેમના પિતાશ્રી મહેન્દ્રકુમાર દવે રાજ્ય સરકારની સેવામાંથી સંયુક્ત સચિવ તરીકે નિવૃત્ત થયેલ છે. હાલમાં પણ નિવૃત્તિ પછી ખાતાકીય તપાસ અધિકારી તરીકે સેવા આપે છે. ગાંધીનગર બાજખેડાવાળ મંડળના વર્ષો સુધી પ્રમુખ હતા. હાલમાં શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ અમદાવાદના ટ્રસ્ટી તથા શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના કારોબારી સભ્ય છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળના પ્રમુખ છે. નિરવભાઈના માતૃશ્રી ભારતીબેન દવે કેન્દ્ર સરકારની સેવામાંથી નિવૃત્ત થયેલ છે. તેઓશ્રી પણ હાલમાં શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ સંચાલિત અન્નપૂર્ણા યોજનાના ટ્રસ્ટી છે. નિરવભાઈના કાકા શ્રી અરૂણભાઈ દવે પણ જ્ઞાતિના જુદા જુદા મંડળો સાથે સંકળાયેલા છે.

નિરવભાઈનું કુટુંબ જ્ઞાતિની તથા અન્ય સામાજિક સંસ્થાઓને તન–મન–ધનથી સેવા આપે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના
# અતિથિ વિશેષશ્રી



**શ્રી છાયાબેન દવે (મુંબઈ)**

શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજ એટલે સમગ્ર મુંબઈ જ્ઞાતિ સમાજ કહી શકાય. શ્રી છાયાબેનના સસરા સ્વ. શ્રી વિષ્ણુભાઈ ભીમભાઈ દવે એ બાજખેડાવાળ જ્ઞાતિ સમાજનું એક સામાજિક અને સમૃદ્ધ વ્યક્તિત્વ ગણાતું મુંબઈમાં બાજખેડાવાળ સમાજને એકત્રિત અને જીવંત રાખનાર છાયાબેનના કુટુંબીજનોની સામાજીક પ્રવૃતિઓમાંથી છાયાબેનને સામાજિક કાર્યની પ્રેરણા મળી તે પ્રેરણાને છાયાબેને જીવંત રાખી બોરીવલ્લી બાજખેડાવાળ સમાજનું નેતૃત્વ સ્વીકારી મુંબઈ ખાતે વર્ષોથી પોતાની સેવાઓ આપે છે. તે જ રીતે જ્ઞાતિના અન્ય મંડળો જેવા કે અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના સભ્ય તરીકે સેવાઓ આપે છે. શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના સભ્ય તરીકે સેવાઓ આપે છે. આજે બોરીવલ્લી સમાજમાં વાર તહેવારે કાર્યક્રમો દ્વારા ભારતની આર્થિક નગરી ગણાતા મુંબઈમાં વસતા જ્ઞાતિજનોને એકત્રિત કરી જ્ઞાતિજનોમાં એકતાને જીવંત રાખવાનું કાર્ય કરી રહેલ છે. તેઓ તેમના તરફથી શક્ય તેટલું યોગદાન જ્ઞાતિસમાજના વિવિધ મંડળોને આપતા રહ્યા છે. ગમે તે સ્થળે અધિવેશન હોય કે સંમેલન, ધાર્મિક કાર્ય હોય કે સામાજિક કાર્ય, છાયાબેનની હાજરી અચુક જોવા મળે આવા ઉત્સાહી છાયાબેન હાલ મુંબઈના બોરીવલ્લીમાં વસવાટ કરે છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના
# અતિથિ વિશેષશ્રી



**શ્રી હરિકૃષ્ણ રમણલાલ ઠાકર**

આણંદ નિવાસી સ્વ. રમણલાલ ફૂલાભાઈ ઠાકર તથા સ્વ. શારદાબેન રમણલાલ ઠાકરના સુપુત્ર શ્રી હરિકૃષ્ણ રમણલાલ ઠાકર, દરજી ફળિયું, મઠીયા ચોરા પાસે, આણંદ.

જેઓ સરદાર ગંજ, આણંદમાં પોતાનો અનાજ–કરિયાણાનો ધંધો કરે છે.

તેઓશ્રીએ માતા–પિતા તથા સમાજનું ઋણ અદા કરવા માટે શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૧માં અધિવેશનમાં રૂ. ૧૧૦૦૦/–નું અનુદાન આપેલ છે.

આ અગાઉ પણ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદને માતબર રકમનું દાન તેઓશ્રી દ્વારા મળેલ છે.

તેઓનું સમગ્ર પરિવાર આશાપુરી મુકામે યોજાનાર શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના ૩૧માં અધિવેશનને શુભેચ્છા પાઠવે છે.

**લી.**

**અંકુર હરિકૃષ્ણભાઈ ઠાકર** — **દર્શનાબેન વિશાલકુમાર પંડ્યા**
**મયુરીબેન અંકુર ઠાકર** — **રીચાબેન વિશાલકુમાર પંડ્યા**
**યુગ અંકુરભાઈ ઠાકર** — **ધર્મભાઈ વિશાલકુમાર પંડ્યા**
**સ્વરાબેન અંકુરભાઈ ઠાકર**

**સોનાલીબેન કૌશિકકુમાર પીઠડીયા**
**હિમાક્ષ કૌશિકકુમાર પીઠડીયા**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના
## અતિથિ વિશેષશ્રી



**શ્રી કિરણકુમાર રતિલાલ પંડ્યા**

પ્લોટ નં. ૩૫૯/૧, સેક્ટર–૫–એ, ગાંધીનગર–૩૮૨૦૦૬. (મો.) ૯૮૨૪૧૮૪૩૯૫

કિરણકુમાર આર. પંડ્યા, મૂળવતન–ઉમરેઠ, કેશવરાયજીનો ખાંચો, તુળજા માતા પાસે પરંતુ હાલમાં તેઓ ગાંધીનગર સ્થાયી થયેલ છે. તેમનો જન્મ તા. ૨૦–૯–૧૯૫૪ના રોજ ભરૂચ મુકામે મોસાળમાં શ્રી રતિલાલ ઠાકરને ત્યાં થયો હતો. તેઓનું બાળપણ રાધનપુર અને ત્યારબાદ મહુધા પાસે ૧૫૦૦ની વસ્તી ધરાવતા નાની ખડોલ ગામમાં પસાર થયેલું. મેટ્રીક સુધીનો અભ્યાસ નાની ખડોલ ગામમાં પૂર્ણ કર્યા બાદ પ્રિ–સાયન્સ અને બી.ઈ. (સીવીલ)નો અભ્યાસ વલ્લભવિદ્યાનગર બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં જ્ઞાતિના છાત્રાલયમાં રહી મોસાળપક્ષની હૂંફ સાથે સને ૧૯૭૧થી ૧૯૭૭ દરમ્યાન પૂર્ણ કરેલ.

તેમના પિતાશ્રી સ્વ. શ્રી રતિલાલ સોમેશ્વર પંડ્યા મહુધા પાસે નાની ખડોલ ગામની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપી સને ૧૯૮૫માં નિવૃત્ત થયેલ. ટૂંકી આવક હોવાથી શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીમાંથી લોન મેળવી બે પુત્રો તથા બે પુત્રીઓને ઉચ્ચ શિક્ષણ આપેલ. તેમના માતૃશ્રી સ્વ. હસુબેન સાદગીપૂર્ણ જીવન જીવનાર અને ધાર્મિક હતા.

કિરણભાઈ પંડ્યાએ અભ્યાસપૂર્ણ કરી ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગમાં મદદનીશ ઈજનેર તરીકે નોકરી ચાલુ કરેલ. ગાંધીનગર, ધાનેરા, મોડાસા, ઈડર તથા અમદાવાદ જેવા વિવિધ સ્થળોએ ફરજ બજાવી છેલ્લે કાર્યપાલક ઈજનેર તરીકે તા. ૩૦–૦૯–૨૦૧૨ના રોજ અમદાવાદથી નિવૃત્ત થયેલ. તેમના લગ્ન સુરતના શ્રી શશીકાંત જે. પંડ્યા અને અ.સૌ. વિદ્યાબેનની જ્યેષ્ઠ પુત્રી મિતા સાથે ૧૯૮૦માં થયા હતા. ૩૮ વર્ષના સુખમય દાંપત્ય જીવનમાં તેઓના બે સંતાનોમાં મોટા પુત્ર ચિ. પાર્થ બી.ઈ. (સીવીલ) હાલમાં ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં પુત્રવધુ અ.સૌ. ફોરમ (અમદાવાદ) અને લાડલી પૌત્રી ચિ. નિવા (૮ વર્ષ) સાથે સ્થાયી થયેલ છે. નાના પુત્ર ચિ. જગત બી.ઈ. (કમ્પ્યૂટર) થઈ અમદાવાદમાં સીગ્નેક્સ ડેટા મેટ્રીક્સમાં નોકરી કરતા હતા. પરંતુ જાન્યુઆરી, ૨૦૧૫થી એચ–૧ વિઝા પર અમેરિકામાં પુત્રવધુ અ.સૌ. અવની (વિદ્યાનગર) તથા પૌત્ર ચિ. દિવમ્ (૪ વર્ષ) તથા ચિ. આરતી (૧ વર્ષ) સાથે પેન્સીલવેનીયા રહે છે.

કિરણભાઈ પંડ્યા હાલમાં ગાંધીનગર બાજખેડાવાળ મંડળના પ્રમુખ તરીકે સને ૨૦૧૦–૧૧થી સેવા આપે છે અને અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા તથા શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીના કારોબારી સભ્ય છે. તેઓએ રૂ. ૧૧,૧૧૧/– ૩૧માં રાષ્ટ્રીય અધિવેશનમાં અતિથિ વિશેષ તરીકે આપેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના
## અતિથિ વિશેષશ્રી



**પ્રા. હસમુખલાલ જે. દવે**
જ.તા. ૭–૪–૧૯૩૦
ઉંમર – ૮૮ વર્ષ



**અ.સૌ. લીલાવતીબેન હ. દવે**
જ.તા. ૨૨–૦૪–૧૯૩૨
ઉંમર – ૮૬ વર્ષ

હાલનું સરનામું
"મહાત્મા", ૨, નાગરકૂવા, પેટલાદ–૩૮૮૪૫૦
ફોન : ૦૨૬૯૭–૨૨૩૨૦૪
વતન : મહેળાવ
પિતાશ્રી : સ્વ. જેઠારામ ગોવિંદરામ દવે
માતૃશ્રી : સ્વ. ચંચળબેન જેઠારામ દવે

**: પરિવાર :**

**વલ્લભ વિદ્યાનગર**
શ્રી જગતભાઈ હ. દવે
અ.સૌ. માયાબેન જ. દવે
શ્રી હર્ષ જગતભાઈ દવે
અ.સૌ. એષા હ. દવે
અ.સૌ. ચિત્રા કૃણાલ દવે–લાંભા
શ્રી કૃણાલ દિલીપભાઈ દવે–લાંભા
ચિ દેવાંશ કૃણાલ દવે–લાંભા

**પેટલાદ**
શ્રી મયૂરભાઈ હસમુખભાઈ દવે
પ્રા. ડૉ. નયનાબેન મયૂરભાઈ દવે
ચિ. દર્શ મયૂરભાઈ દવે

**મદ્રાસ**
અ.સૌ. માલતીબેન પ્રદીપકુમાર ઠાકર
શ્રી પ્રદીપકુમાર ભાનુપ્રસાદ ઠાકર
ચિ. વિરલ પ્રદીપકુમાર ઠાકર
અ.સૌ. યામિની વિરલ ઠાકર
ચિ. માનસી પ્રદીપકુમાર ઠાકર

**નડિયાદ**
અ.સૌ. ચેતનાબેન દીપકકુમાર મહેતા
શ્રી દીપકકુમાર સુરેશચંદ્ર મહેતા
ચિ. નિષ્ઠા દિપકકુમાર મહેતા
ચિ. આદર્શ દિપકકુમાર મહેતા

આવો, આપણી જ્ઞાતિ ગંગામાં સ્નાન કરી પાવન થઈએ.
॥ જય બાજખેડાવાળ ॥
॥ જય રઘુનાથજી ॥

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના
# અતિથિ વિશેષશ્રી



## શ્રી હેત ઉપેન્દ્રકુમાર ધ્રુવ – પાટણ

જન્મ તારીખ : ૨૨–૦૯–૧૯૯૨

શ્રી હેત ઉપેન્દ્રકુમાર ધ્રુવ ઉંમર ૨૬ વર્ષ તેઓનું મૂળ વતન કણજરી પરંતુ વર્ષોથી નડિયાદ સ્થાયી થયેલા. તેઓના પિતા શ્રી ઉપેન્દ્રકુમાર હર્ષદરાય ધ્રુવ નોકરી અર્થે પાટણમાં સ્થિર થતાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પાટણમાં જ લીધું. હેતનો બાળપણથી જ શાંત અને ગંભીર સ્વભાવ તેમના નાના શ્રી ઉપેન્દ્રભાઈ એન. ડણાંક તરફથી વારસામાં મળેલો. તેમને વાંચન, રમત–ગમત, મુવી અને પ્રવાસનો શોખ છે. તેઓ દરરોજ નિયમિત યોગાસનો કરે છે. નાનપણથી જ નિયમિત યોગાસન કરવાની ટેવ તેઓના નાનીએ પાડી છે.

તેઓએ સ્નાતકનો અભ્યાસ ઈન્ડસ યુનિવર્સિટી, અમદાવાદમાં મેટર્લજી વિભાગમાં પૂર્ણ કર્યો. ઉચ્ચ અભ્યાસ મટીરીલ્સ એન્ડ મેટર્લજી સ્પેશ્યલાઈઝેશન ફોર વેલ્ડીંગ ટેકનોલોજીમાં (Materials and Metallurgy Specialization for Welding Technoglogy) એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા ખાતે માસ્ટર ડીગ્રી ધારણ કરી. જે અભ્યાસ માટે સમગ્ર ભારતમાં (૨) બે જ યુનિવર્સિટી છે જેમાં એન.આઈ.ટી. કેરાલા (નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી) અને એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા, વર્ષ ૨૦૧૬માં પ્રથમ પ્રવેશ પરીક્ષા ૨૪૮ વિદ્યાર્થીઓ સાથે આપી. પ્રથમ તબક્કામાં ૫૦ વિદ્યાર્થીઓ પસંદગી પામેલ હતાં. ત્યારબાદ બીજા તબક્કામાં ૧૫ વિદ્યાર્થીઓને પસંદ કરાયા બાદ તેમાંથી (૩) ત્રણ વિદ્યાર્થીની પસંદગી કરવામાં આવી જેમાં મી.હેત પોતાની યોગ્યતા અને કાબેલીયતના ધોરણે પસંદગી પામ્યા અને રત્નમણી મેટલ એન્ડ ટયુબસ લી. કંપનીએ તેમના માસ્ટર ડીગ્રીનો અભ્યાસ કરાવવાની તેમજ તેઓની ફી અને સ્ટાઈપેન્ડ પણ આપવાની જવાબદારી લીધી. જે આપણા માટે ખૂબ જ ગૌરવની બાબત છે. હાલમાં તેઓ રત્નમણી મેટલ્સ એન્ડ ટયુબસ કંપની, ભીમસર (કચ્છ) ખાતે ક્વોલીટી એશ્યોરન્સ એન્જીનીયર તરીકેની ફરજ બજાવે છે.

કુટુંબમાં પિતાશ્રી ઉપેન્દ્રકુમાર હર્ષદરાય ધ્રુવ માતા શ્રીમતી હીના ઉપેન્દ્રકુમાર ધ્રુવ અને તેમના નાના ભાઈ શ્રી જય ઉપેન્દ્રકુમાર ધ્રુવ કે જેઓ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગમાં હાલ માસ્ટર ડીગ્રીનો અભ્યાસ પૂર્ણ કરેલ છે.

ગત નવેમ્બર ૨૦૧૭માં મણીનગર, અમદાવાદના રહેવાસી શ્રી હેમંતકુમાર ટી. શેલત અને શ્રીમતી કોમલબેન એચ. શેલતના સુપુત્રી ત્રિશિલા સાથે લગ્નગ્રંથીથી જોડાઈને વિવાહીત જીવનના શ્રીગણેશ કર્યા છે.

માતા હીનાબેન ભરૂચના વતની હોઈ મોસાળ ભરૂચ છે. શ્રી ઉપેન્દ્રભાઈ નવનીતલાલ ડણાંક (પૂર્વ પ્રમુખ – બાજખેડાવાળ ભરૂચ) અને સ્વ. જ્યોત્સનાબેન ડણાંક તેમના નાના–નાની છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
# ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના
# અતિથિ વિશેષશ્રી



## શ્રીમતી દિગ્નાબેન પ્રણવ જોષી

| | | |
|---|---|---|
| માતાનું નામ | – | ધારીણીબેન |
| પિતાનું નામ | – | રમેશકુમાર દવે |
| અભ્યાસ | – | બી.એસસી. એલ.એલ.બી., વાસ્તુવિશારદ, જ્યોતિષજ્ઞાતા, |
| પતિનું નામ | – | પ્રણવ શશીકાન્તભાઈ જોષી |
| | | પ્રમુખ શ્રી બાજખેડાવાળ સમાજ, નડીયાદ, કારોબારી સભ્યશ્રી |
| | | શ્રી અખિલ ભારતીય બાજ. હિતવર્ધક સભા–કારોબારી સભ્ય |
| | | શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મં. લી.–કા. સભ્ય |
| | | શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી–કારોબારી સભ્ય |
| | | અધ્યક્ષશ્રી ૩૧મું રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી, પીપળાવ |

દિગ્નાબેનનો જન્મ સને ૧૯૮૩માં આણંદ મુકામે થયેલ. તેઓએ બાળપણ અમદાવાદ મુકામે વિતાવેલ તથા અભ્યાસ ગોધરા મુકામે કરેલો તેમજ જીવન જીવવાના સુગમ સંસ્કારો મામા અને મામી કિરીટભાઈ દવે અને કલ્પનાબેન પાસેથી મેળવેલ. તેઓના લગ્ન નડીયાદ નિવાસી પ્રણવભાઈ સાથે સને ૨૦૦૫ થયેલ ત્યારબાદ સાસુ અને સસરાની પ્રેરણાથી અભ્યાસ કરેલ. ત્યારબાદ વકીલ તરીકે કાર્ય કરી રહેલ છે.

પ્રાતઃ સ્મરણીય પ.પૂ.શ્રી રામદાસજી મહારાજ, નવમા મહંત શ્રી સંતરામ મંદિર, નડિયાદના વરદ હસ્તે તેઓને "વાસ્તુ વિશારદ"ની માનદ્ પદવી આપવામાં આવેલ. તેઓને વાંચન તથા ફરવાનો શોખ છે. ઝીલ તથા ધ્યાન બે બાળકોના માતા છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના અતિથિ વિશેષશ્રી



### શ્રી ગોપાલભાઈ ચીમનલાલ દેસાઈ

મૂળ વતન – મહુધા જન્મ તારીખ – ૧૧–૦૬–૧૯૪૪

સહકારી ખાતામાં ૩૫ વર્ષ સેવાઓ આપી. નોકરીની શરૂઆત કલાર્કથી કરી હતી. રીટાયર્ડ કલાસ–૨ ઓફિસર બનીને આણંદ ખાતેથી ૨૦૦૨માં નિવૃત્ત થયા હતા. ચાર પુત્રીઓ તથા એક પુત્રનો પરિવાર છે. જુદી જુદી સંસ્થાઓમાં, ટ્રસ્ટોમાં સામાજીક સેવાઓ હાલ આપી રહ્યા છે. પિતાનું નામ ચીમનલાલ દેસાઈ, રીટાયર્ડ સર્કલ ઈન્સ્પેક્ટર, માતા–જશોદાબેન હતા એમને ૬ સંતાનો પૈકી હાલ બે હયાત છે અને બે બહેનોમાં બે બહેન હયાત છે. પત્ની સદ્‌ગુણાબેન જેઓએ પી.ટી.સી. સુધી અભ્યાસ કરેલ છે અને જુદી જુદી સંસ્થાઓ જેવી કે સ્કુલ તેમ જ તાલુકા પંચાયત સંચાલિત શિક્ષણ ક્ષેત્રે સેવાએ આપેલ છે.

---

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૧માં રાષ્ટ્રીય અધિવેશન આશાપુરી–પીપળાવના અતિથિ વિશેષશ્રી



### શ્રી નીમા દર્શન દવે

જન્મતારીખ : ૨૧–૦૩–૧૯૮૭
અભ્યાસ : Diploma in Homescience B.A. (Psycology-Sociology)
જન્મસ્થળ : ચેન્નાઈ (મદ્રાસ)

શ્રીમતી નીમાબેનનો જન્મ ૨૧ માર્ચ ૧૯૮૭ના રોજ ચેન્નાઈ સ્થિત (હાલ–અમદાવાદ) શ્રીમાન દિનેશભાઈ ડોળીયા અને શ્રીમતી બીનાબેન ડોળીયાના ઘરે થયો. ત્યારબાદ તેઓ સહપરિવાર અમદાવાદ ખાતે સ્થાયી થયા અને ત્યાંજ અભ્યાસ પૂર્ણ કર્યો. તારીખ ૨૮ નવેમ્બર, ૨૦૧૦ના રોજ આણંદ સ્થિત શ્રીમાન દર્શન દવે (શ્રીમાન રમેશભાઈ દવે તથા શ્રીમતી ધારીણીબેન દવેના સુપુત્ર) સાથે થયાં અને ત્યારથી તેઓ એક સફળ ગૃહીણી તરીકેની ફરજો બજાવી રહ્યાં છે સાથે સાથે પ્રાથમિક શાળાના બાળકોને ટ્યૂશન આપી રહ્યા છે.

## શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરીક મંડળ, નડીયાદ

"બાજખેડાવાળ હોલ" છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર સામે, નડીયાદ–૩૮૭૦૦૧

ફોન – ૦૨૬૮–૨૫૬૬૩૮૪ (પી.પી.)

**સામાન્ય જન સભા નં.૧ – વર્ષ ૨૦૧૮–૨૦૧૯**

તા. ૧૩–૭–૨૦૧૮ શુક્રવારે સવારે ૧૦.૦૦ કલાકે બાજખેડાવાળ હોલ–નડીયાદમાં સામાન્ય મીટિંગ મળી. જેમાં પધારેલ સૌ સભ્યો તથા રેડ એન્જલ મ્યુઝી. ગ્રુપના સભ્યોને પ્રમુખશ્રી મનહરભાઈ દવેએ ઉમળકાભેર આવકાર આપેલ. પ્રાર્થના શ્રી અશોકભાઈ દવેએ કરી. સર્વેનું પુષ્પ કલગીથી સ્વાગત કર્યું. ગત વર્ષ તા. ૧–૭–૧૭ થી તા. ૩૦–૬–૨૦૧૮ના વર્ષ દરમ્યાન દર માસમાં થયેલ પ્રોગ્રામ તથા વિશિષ્ટ પ્રોગ્રામની સંક્ષીપ્ત માહિતી મંત્રીશ્રી જનકભાઈ ડી. શુકલએ વાંચી સંભળાવી જે હાજર સભ્યોએ સર્વાનુમતે મંજુર રાખેલ.

રેડ એન્જલ ગ્રુપના સભ્યોએ જુના ફીલ્મી ગીતો, ધાર્મિક ગીતોની રમઝટ બોલાવી. સર્વેને ખુબ જ આનંદ કરાવ્યો. સભ્યોએ ખૂબ જ મઝા માણી. સભ્યો તરફથી ફરમાઈશના ગીતો, ગાયા જેનો સર્વેએ આનંદ માણ્યો.

નવા આવેલ સભ્યોનો ગુલાબના ફુલથી સ્વાગત કર્યું. તેઓએ પોતાનો પરિચય આપ્યો. ઉપપ્રમુખ અશોકભાઈ દવેએ આભાર વિધી કરી.

સ્વરૂચી ભોજનનો સર્વે સભ્યોએ આસ્વાદ માણ્યો. આગામી મીટીંગ તા. ૧૧–૮–૨૦૧૮ શનિવાર સવારે ૯.૩૦ કલાકે રાખેલ છે. તેની જાહેરાત કરી બધા છુટા પડ્યા.

**મનહરભાઈ જી. દવે** — **પ્રમુખ**

**જનકભાઈ ડી. શુકલ** — **મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ સાંસ્કૃતિક મંડળ – વલ્લભવિદ્યાનગર

શ્રી બાજખેડાવાળ સાંસ્કૃતિક મંડળ–વલ્લભવિદ્યાનગર "મહિલા પાંખ" તરફથી તા. ૨૯–૭–૧૮ના રોજ ગૌરીવ્રત નિમિત્તે વિવિધ ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગૌરીવ્રત કરતી બહેનોએ ભાગ લીધો હતો. કારોબારી બહેનો માટે જુદી જુદી રમતો હતી. બાલિકીઓને ખૂબ મજા આવી હતી.

જલ્પાબેન શેલતનો એમનો હોલ આપવા બદલ ખૂબ ખૂબ આભાર સૌ કારોબારી બહેનોનો ગેમ રમાડવા બદલ ખૂબ ખૂબ આભાર.

બાલિકાઓને વિધવિધ ગીફ્ટ આપવામાં આવી હતી.

(૧) કોમલબેન ભટ્ટ તરફથી બુટ્ટી આપવામાં આવી હતી. (૨) પારૂલબેન ભટ્ટ તરફથી પેન્સિલ, રબ્બર, ફૂટપટ્ટીનું પેકેટ બનાવી આપવામાં આવ્યું હતું. (૩) યાચના ભટ્ટ તરફથી આઈસક્રીમ આપવામાં આવ્યો હતો. (૪) હેમાંગિની તરફથી પિત્તળની દીવી આપવામાં આવી. સૌ જ્ઞાતિ બહેનો અને બાલિકાનો ખૂબ ખૂબ આભાર

(૧) ઉષાબેન પંડ્યા (૨) શિલ્પાબેન દવે તરફથી દાન પ્રાપ્ત થયું છે. તેમનો ખૂબ ખૂબ આભાર.

**કલ્પનાબેન દવે** — **પ્રમુખશ્રી**

**સારિકાબેન દવે** — **મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ–૩૮૮૦૦૧ ફોન – ૦૨૬૯૨–૨૪૪૨૧૨

તા. ૨૮–૭–૨૦૧૮ને શનિવારના રોજ ગૌરીવ્રતની ઉજવણી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આણંદ ખાતે ખૂબ જ આનંદ–પ્રમોદ અને મોજમજાથી કરવામાં આવી.

જેમાં સભ્યબેનોની દીકરીઓએ ભાગ લીધેલો. વિવિધ રમતો, સર્વે નાની મોટી બાળાઓને રમાડવામાં આવી હતી. રમતો જેવી કે દેડકા દોડ, ઉંધી ચાલ, દિવાસળીનો સાથીયો બનાવવો, લીંબુ ચમચો, સંગીત ખુરશી વગેરે રમતો રાખવામાં આવી હતી. જેમાં ત્રણ વિભાગ પાડવામાં આવ્યા હતા. ભાગ લેનાર સર્વે બાળાઓને પ્રથમ, દ્વિતીય અને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. સર્વે બાળાઓને રમતો રમવાની અને આનંદનો ખજાનો લૂંટવાની ખૂબ જ મોજમઝા પડી હતી.

જેમાં ગીતાબેન શુક્લ દ્વારા સર્વે બાળાઓને ડ્રાયફ્રુટસની બેગ આપવામાં આવી હતી. વસુધાબેન પંડ્યા દ્વારા અમૂલ દૂધની બોટલ તથા બિંદુબેન ભટ્ટ તરફથી ચોકલેટનું પેકેટ સર્વે દીકરીઓને આપવામાં આવ્યું હતું.

અંતમાં સર્વે બેનો, બાળાઓ અને કારોબારી સભ્યબેનો સુંદર મજાના ગીતો ગાઈ છુટા પડ્યા હતા.

ત્યારબાદ તા. ૨૯–૭–૧૮ને રવિવારના રોજ આણંદ નગરપાલિકાના ઉપપ્રમુખ તરીકે વરણી પામેલ અમીબેન ડણાકનો સત્કાર સમારંભ બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ દ્વારા યોજવામાં આવેલ હતો. જેમાં કારોબારીની સર્વ કર્મનિષ્ઠ બેનો દ્વારા તેમનું ફુલ નહિં તો ફૂલની પાંખડી દ્વારા ભેટ તથા ગુલદસ્તા દ્વારા સન્માન કરવામાં આવ્યું.

જેમણે આણંદ નગરપાલિકામાં કાઉન્સીલર તરીકે ઉત્કૃષ્ટ કામ કરી કુદકે ને ભૂસકે, ડગલે ને પગલે, ઉન્નતિ, પ્રગતિના સોપાન સર કરી તેના ફળસ્વરૂપે હાલમાં ઉપપ્રમુખ તરીકેની પદવી હાંસલ કરી છે. તેમને સર્વે વતી ખૂબ ખૂબ અભિનંદન. સાથે શુભાશિષ પાઠવવામાં આવ્યા જેમણે આણંદની દિકરી અને ઉમરેઠના પુત્રવધુ તરીકેનું બંને સ્થાન સુકાર્યો દ્વારા રોશન કરેલ છે. જગદીશ્વર તેમને સુકાર્યો કરી ઉત્તરોત્તર પ્રગતિ, ઉન્નતિ વિકાસ સાધવા અથાગ અખૂટ, અપાર, અનંત એવી શક્તિ જેમ બક્ષે એવી શુભેચ્છા સહ વિરમું છું.

ભાદરવા માસમાં કેવડાત્રીજ, સામાપાંચમ, અગિયારસ વગેરે વ્રતોનું ઉજવણું તા. ૧૪–૯–૧૮ને શુક્રવારના રોજ રાખવામાં આવેલ છે. તો જે બેનોને ભાગ લેવો હોય તેમણે પ્રમુખ–મંત્રી તથા જાણીતા ઓળખીતા કારોબારી સભ્ય બેનોનો સંપર્ક કરી નામ નોંધાવવા જણાવવામાં આવે છે.

**મીનાબેન શેલત** — **સુમિત્રાબેન ઠાકર**
**પ્રમુખ** — **મંત્રી**

## શ્રી અમરેશ્વર મહાદેવ – વારાહી માતા – કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલા, ઉમરેઠ–૩૮૮૨૨૦ (ગુજરાત) (મો.) ૯૮૨૪૫૯૬૬૯૬

જેની વિશેષતા અપરંપાર છે તે માત્ર એક જ એક મંદિર ઉમરેઠમાં છે જેનું નામ શ્રી વારાહી માતા કે જેની ગણના ભારતભરમાં થાય છે અને જેનો આસો સુદ–૯નો વિશ્વ વિખ્યાત હવન થાય છે. તો સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે ચાલુ શાલનો આગામી હવન આસો સુદ–નોમ–દશમને ગુરુવારના તા. ૧૮–૧૦–૨૦૧૮ના રોજ ઉમરેઠ નિવાસી હાલ કેનેડાના રહેવાસી શ્રી ચિરાગ ભાસ્કરભાઈ ભટ્ટના યજમાન પદે પરંપરાગત મુજબ રાત્રિના ૧૧ કલાકથી પ્રારંભ થશે. જેની સર્વે જ્ઞાતિજનોએ નોંધ લેવી.

શ્રી વારાહી માતાનો હવન નિમિત્તે પરંપરાગત રીતે ભાદરવા સુદ ચૌદશ (અનંત ચતુરદશી)ને રવિવાર તા. ૨૩–૦૯–૨૦૧૮ના રોજ સિન્દુર–શુગાર ચઢાવવામાં આવશે.

આ દરમ્યાન રાત્રીના ૯.૦૦ કલાકે વારાહી માતાના ચોકમાં ભજન તથા ચંડીપાઠનું આયોજન કરવામાં આવેલ છે.

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે આગામી શ્રાવણ માસ દરમ્યાન આપણા ટ્રસ્ટના શ્રી અમરેશ્વર મહાદેવમાં દરરોજ ફૂલવાડી પ્રસાદ તેમજ આરતીનું આયોજન કરવામાં આવેલ છે. તો ભાવિક ભક્તોએ ફૂલવાડી તેમજ પ્રસાદની સેવા આપવી હોય તેમણે પુજારી તથા પ્રમુખ સુરેશભાઈ જોષીનો સંપર્ક કરી રૂ. ૩૦૦/– આપી જે–તે દિવસમાં નામ નોંધાવી શકે છે.

આપણા ઉપરોક્ત ટ્રસ્ટ તરફથી આયોજીત સતાવિશમો–હોમાત્મક લઘુરૂદ્ર શ્રાવણ વદ અમાસને રવિવાર તા. ૦૯–૦૯–૧૮ના રોજ રાખેલ છે. જે ભાવિક ભક્તોએ યજ્ઞની પૂજામાં બેસવુ હોય તેમણે રૂ. ૧૦૦૧/– ટ્રસ્ટમાં જમા કરાવી અગાઉથી પ્રમુખશ્રી પાસે પોતાનું નામ નોંધાવી લેવા યજમાનને બે ટાઈમ ચા–કોફી–સવારે ચાર વ્યક્તિનું ફળાહાર તેમજ સાંજે ચાર વ્યક્તિના માટે ભોજન પ્રસાદ તેમજ પુજાપો–ફળહાળ–મુર્તિ વિગેરે આપવામાં આવશે. ભોજન પ્રસાદ માટે વધારાના પાસ રાખવામાં આવેલ છે. જેના પાસ દીઠ રૂ. ૧૦૦ રાખવામાં આવેલ છે.

સર્વે જ્ઞાતિજનોને વિશેષ જણાવવાનું કે શ્રી વારાહી માતાનું પ્રાગટ્ય સ્થાન ભોલવો કુવો જે હવન ચોક પાસે આવેલ છે તેના ઉપર સ્લેબ મારવાનું કામ શ્રી વારાહી માતાજીની પરવાનગી ન મળવાથી હાલ પુરતું સ્લેબ ભરવાનું કામ બંધ રાખેલ છે તે જાણશો.

(૧) શ્રી વારાહી માતાજીની નવરાત્રિ આસો સુદ એકમ ને બુધવાર તા. ૧૦–૧૦–૧૮ના રોજથી થશે. (૨) શ્રી માતાજીના ગરબા આસો સુદ ૬ને સોમવાર તા. ૧૫–૧૦–૧૮ના રોજથી થશે. (3) શ્રી માતાજીની પુર્ણાહુતિ આસો સુદ–૧૪ને મંગળવાર તા. ૨૩–૧૦–૧૮ના રોજ રાત્રી (મધ્યરાત્રીએ થશે)

નવરાત્રિ દરમ્યાન પંદર દિવસે સાંજે ૭.૩૦ કલાકે માતાજીની આરતી તેમજ ચંડીપાઠ થશે ચંડીપાઠમાં આવનારને ટ્રસ્ટ તરફથી દરરોજ લહાણી તથા પ્રસાદીમાં દૂધ આપવામાં આવશે. આસો સુદ અગીયારસને તારીખ ૨૦–૧૦–૨૦૧૮ના રોજથી ચૌદસ સુધી (૪) માતાજીના ચોકમાં મ્યુઝીકલ પાર્ટી સાથે ગરબાની રમઝટ બોલાવવામાં આવશે. તેમજ ગરબામાં પ્રોત્સાહન રૂપે માતાજીની સાડી તેમજ દરરોજ નાસ્તો આપવામાં આવશે.

**સુરેશભાઈ જોષી**
**પ્રમુખ**

## શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા
## શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ

*(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦ (મો.) ૯૯૯૮૨૨૦૭૮૭*

મૂળ ઉમરેઠના પરંતુ અમદાવાદ સ્થિત સ્વ. જમિયતરામ દયાશંકર પંડ્યા (ભૂતપૂર્વ પ્રમુખ – શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ) વ્યવસાયે વકીલ તેમજ જ્ઞાતિના એક અગ્રગણ્ય સન્માનીત વ્યક્તિ હતા. અમેરિકા સ્થિત તેમના સંતાનોએ તેમના માતા–પિતા સ્વ. શ્રીમતિ કમળાબેન જમિયતરામ પંડ્યા તથા શ્રી જમિયતરામ દયાશંકર પંડ્યાના સ્મરણાર્થે અમદાવાદમાં વસતા જ્ઞાતિજનો કે જેમની વાર્ષિક આવક રૂા. ૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પૂરા)થી ઓછી હોય તેમના બાળકોને ટેકનીકલ તેમજ વ્યવસાયિક ક્ષેત્રે અભ્યાસ કરવા માટે શૈક્ષણિક સહાય આપવા સને ૨૦૦૮માં રૂ. ૨૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પૂરા)નું ટ્રસ્ટ ફંડ આપેલ. આ ટ્રસ્ટ ફંડના સેટલર સદ્ગતના પુત્રો શ્રી શરદભાઈ જમિયતરામ પંડ્યા તથા સ્વ. શ્રી પ્રફુલ્લભાઈ જમિયતરામ પંડ્યાની પુત્રી શ્રીમતિ મીતા પંડ્યા મહેતાએ ટ્રસ્ટ સેટલ કરી. તા. ૩૧–૭–૨૦૦૮ના રોજ શ્રી બાજખેડાવાળ કેળળણી અને સંસ્કૃતિ મંડળ , અમદાવાદ સંચાલન કરવાનો આપેલ છે. જેમાં ક્રમશઃ દાતા તરફથી દર વર્ષે નિયત રકમમાં વધારો થાય તેવી રીતે દાન મોકલવામાં આવે છે. જે રકમ હાલમાં રૂ. ૩૭,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા સાડત્રીસ લાખ પૂરા)થયેલ છે. આ ફંડના વ્યાજની આવકમાંથી ૬૦% રકમ શૈક્ષણિક સહાય માટે, ૨૦% રકમ જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને અન્ન સહાય માટે, ૨૦% રકમ જ્ઞાતિજનોને આરોગ્ય અંગે મેડીકલ સહાય માટે વાપરવામાં આવે છે.

આ ફંડમાંથી સને ૨૦૦૯–૧૦થી શરૂ કરી અત્યાર સુધીમાં રૂ. ૧૪,૫૭,૦૦૦/– (અંકે રૂપિયા ચૌદ લાખ સતાવન હજાર પુરા)ની શૈક્ષણિક સહાય આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૭–૧૮માં કુલ ૨૧ વિદ્યાર્થીઓને રૂ. ૨,૪૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ ચાલીસ હજાર પુરા) શૈક્ષણિક સહાય આપવામાં આવી છે. શૈક્ષણિક સહાય એક વિદ્યાર્થીને વધુમાં વધુ રૂા. ૨૦,૦૦૦/– સુધીની હોય છે. આ ઉપરાંત દર વર્ષે રૂા. ૪૦,૦૦૦/– અન્ન સહાય આપવામાં આવે છે. આરોગ્ય ક્ષેત્રે અવારનવાર જ્ઞાતિજનોના લાભાર્થે મેડીકલ કેમ્પ યોજવામાં આવે છે. તેમજ જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને ગંભીર બિમારીમાં સારવાર માટે આર્થિક સહાય પણ આપવામાં આવે છે.

આ ટ્રસ્ટ ફંડનું સંચાલન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ ટ્રસ્ટીઓની કમિટિ કરે છે. જેમાં દાતાના ૬ ટ્રસ્ટીઓ સર્વશ્રી (૧) શ્રી શરદભાઈ કે. પંડ્યા, (૨) શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટ (૩) ડૉ. રોહિતભાઈ વી. ભટ્ટ (૪) ડૉ. કેતનભાઈ જે. શુકલ (૫) શ્રી ઉદયભાઈ આર.ભટ્ટ (૬) શ્રી શૈલેન્દ્રભાઈ સી. દવે તેમજ મંડળના હાલમાં ૩ ટ્રસ્ટી સર્વશ્રી (૧) પ્રમુખ–શ્રી ભરતભાઈ આર. ભટ્ટ (૨) ટ્રસ્ટી–શ્રી મહેન્દ્રભાઈ પી. દવે (૩) ઉપપ્રમુખ–શ્રી મહેન્દ્રભાઈ બી. પંડ્યા છે.

દર વર્ષે ટ્રસ્ટીઓની બે મિટિંગ મળે છે. વર્ષ ૨૦૧૭–૧૮માં તા. ૨૦–૦૮–૨૦૧૭ના રોજ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૬–૨૦૧૭ના ઓડિટેડ હિસાબો મંજૂર કરવા માટે ટ્રસ્ટીઓની મિટિંગ મળી હતી. જે હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલા.

તા. ૨૫–૦૨–૨૦૧૮ના રોજ બીજી મિટિંગ મળી હતી. જેમાં શૈક્ષણિક સહાય માટે આવેલ ૨૩ અરજીઓ અંગે સવિસ્તાર છણાવટ કરી હતી. આવેલ અરજીઓમાંથી બે અરજી અધૂરી વિગત તથા આવક મર્યાદા વધારે હોવાથી રદ કરવામાં આવી. જ્યારે બાકીની કુલ ૨૧ અરજીઓમાં ડીગ્રી તથા સેમેસ્ટર અને આવકને લક્ષમાં રાખીને કુલ રૂ. ૨,૪૦,૦૦૦/– શૈક્ષણિક સહાય મંજુર કરવામાં આવી હતી. તેમજ જરૂરતમંદ જ્ઞાતિજનોને અન્નસહાય માટે રૂા. ૪૦,૦૦૦/– મંજૂર કરવામાં આવ્યા. દરેક વિદ્યાર્થી તથા વાલીઓને તા. ૧૮–૦૩–૨૦૧૮ના રોજ બોલાવી રૂબરૂમાં જ ચેક આપવામાં આવ્યા તથા તે જ દિવસે આમંત્રિત સભ્ય ડૉ. વિમલ નિરંજનભાઈ પંડ્યા દ્વારા પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાની માહિતી આપીને યુવાનોને સ્કીલબેઝ એજ્યુકેશન તથા રોજગારલક્ષી માર્ગદર્શન મળી શકે તેવો કાર્યક્રમ પણ ગોઠવવામાં આવ્યો હતો. જેમાં સર્વશ્રી દેવાંગીબેન પંડ્યા, ભૂમિબેન જોષીએ હાજર વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને સમજ આપી હતી. સૌને આ કાર્યક્રમ બહુ જ પસંદ આવ્યો

ગત વર્ષોમાં સર્વશ્રી બચુભાઈ વી. ભટ્ટ, સ્વ. ભગવતભાઈ ભટ્ટ, શ્રી હરીશભાઈ દવે (સી.એ.) શ્રી રોમાબેન દવે એ વિગેરેએ દાતાના ટ્રસ્ટશ્રીઓ તરીકે આ ટ્રસ્ટમાં અમૂલ્ય સેવા તેમજ માર્ગદર્શન આપેલ છે.

આજ દિવસે અમદાવાદના વિદ્યાર્થીઓને કુલ રૂ. ૨,૪૦,૦૦૦/– શૈક્ષણિક સહાય આપવામાં આવી હતી.

**વિઠ્ઠલરાય જે. ભટ્ટ (ચેરમેન)**

## શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે લઘુ ધંધાકીય ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન)

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦ (મો.) ૯૯૯૮૨૨૦૭૮૭

મૂળ ઉમરેઠના અમેરિકા સ્થિત સ્વ. દિનુભાઈ દવેએ તેમના પિતા સ્વ. શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવેના સ્મરણાર્થે જ્ઞાતિજનોના લાભાર્થે રૂા. ૧૨,૭૦,૦૦૦/– (અંકે રૂપિયા બાર લાખ સિત્તેર હજાર પૂરા)નું ફંડ જ્ઞાતિજનોને પગભર થવા માટે નાના પાયે લઘુઉદ્યોગ શરૂ કરવા સસ્તા દરે લોન આપવા સને ૧૯૯૭–૯૮માં આપેલ. જે મુજબ કુલ ૧૬૪ જ્ઞાતિજનોને સને ૨૦૦૮ સુધીમાં લોન સહાય આપવામાં આવેલી હતી. પરંતુ સમય જતાં લોનની વસુલાતમાં મુશ્કેલીમાં થતાં લોન આપવાનું સદંતર બંધ કરવામાં આવ્યું અને તે ફંડની રકમ વ્યાજમાંથી જ્ઞાતિના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સહાય આપવાનું શરૂ કરેલ છે.

આ ઉપરાંત સ્વ. દિનુભાઈએ જ્ઞાતિની વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને ટેકનીકલ તેમજ વ્યવસાયિક ક્ષેત્રે અભ્યાસ કરવા માટે શૈક્ષણિક સહાય આપવા સને ૨૦૦૧માં ૫૦,૦૦૦ અમેરિકન ડોલર એટલે કે તે સમયના રૂ. ૨૩,૨૨,૦૦૦/– (અંકે રૂપિયા ત્રેવીસ લાખ બાવીસ હજાર પૂરા)નું ફંડ

આપવામાં આવેલ હતું. જે મુજબ સને ૨૦૦૨થી અત્યાર સુધીમાં રૂા. ૪૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બેતાલીસ લાખ પૂરા) જેટલી શૈક્ષણિક સહાય જ્ઞાતિના બાળકોને આપવામાં આવી છે.

આ સહાય અમદાવાદ ઉપરાંત ઉમરેઠ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નડિયાદ, નરસંડા, ઉત્તરસંડા, સોજીત્રા, સલુન, વસો જેવા વિવિધ ગામો તેમજ શહેરમાં વસતા જ્ઞાતિજનો કે જેમની વાર્ષિક આવક રૂા. ૨,૦૦,૦૦૦/–થી ઓછી હોય તેમના બાળકોને દર વર્ષે નિયમિત રીતે આપવામાં આવે છે. આવી સહાય વધુમાં વધુ રૂા. ૨૦,૦૦૦/– સુધીની હોય છે. સને ૨૦૧૭–૧૮ના વર્ષમાં કુલ ૩૮ વિદ્યાર્થીઓને રૂ. ૪,૫૦,૦૦૦/–ની શૈક્ષણિક સહાય આપવામાં આવી છે.

આ ટ્રસ્ટ ફંડનું સંચાલન શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ કરે છે. આ ટ્રસ્ટ ફંડનો વહીવટ ટ્રસ્ટીઓની કમિટિ કરે છે. જેમાં દાતાના ટ્રસ્ટીઓ સર્વશ્રી (૧) શ્રી શશીકાંત એમ. દવે (૨) શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટ (૩) શ્રી સુધાકરભાઈ એચ. ભટ્ટ (૪) શ્રી ભરતભાઈ જોષી (૫) શ્રી અશોકભાઈ ઠાકર (૬) શ્રી અરૂણભાઈ બી. શેલત (૭) ડૉ. વિમલ નિ. પંડ્યા તેમજ મંડળના હાલમાં ૩ ટ્રસ્ટી સર્વશ્રી (૧) પ્રમુખ–શ્રી ભરતભાઈ આર. ભટ્ટ (૨) ટ્રસ્ટી–શ્રી અમૂલભાઈ બી. ભટ્ટ (૩) ટ્રસ્ટી–શ્રી ભૂપેન્દ્રભાઈ એમ.ખંભોળજા છે.

